# ફિફા વર્લ્ડકપ 2026 : ચાર નવા દેશો પહેલીવાર રમશે

**ફિફા** વર્લ્ડકપના ઇતિહાસમાં પહેલીવાર કુલ 48 ટીમો સહભાગી હોવાથી કુલ 104 મેચ રમાશે

**સૌથી** નાની વયનાથી લઇને સૌથી મોટી વયના સુધી વિક્રમી કુલ 1248 ખેલાડીઓ ભાગ લેશે

**મેસી**, રોનાલ્ડો અને મેક્સિકોનો ગોલકીપર ગિલેર્મો છઠ્ઠો વર્લ્ડકપ રમવા ઉતરીને ઇતિહાસ રચશે



ન્યૂ યોર્ક, તા. 04 : વિશ્વભરના ફૂટબોલ ચાહકો માટે ફિફાની મેગા ઈવેન્ટ 11 જૂનથી શરૂ થઇ રહી છે, જો કે ભારતમાં તેની પ્રથમ મેચ મધ્યરાત્રીએ 12.30 વાગ્યે શરૂ થવાની હોવાથી તે 12મી જૂને શરૂ થશે એવું કહી શકાય

આ ટુર્નામેન્ટ શરૂ થવાના માત્ર 10 દિવસ પહેલા, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ લિમિટેડે વૈશ્વિક ફૂટબોલ સંસ્થા ફિફા સાથે કરેલા કરારથી ભારતના ચાહકો તેનું જીવંત પ્રસારણ જોઈ શકશે. આ વર્ષનો ફિફા વર્લ્ડ કપ ઘણી રીતે અનોખો અને રેકોર્ડબ્રેક બનવા માટે તૈયાર છે. અમેરિકા, કેનેડા અને મેક્સિકો દ્વારા સહ-આયોજિત આ ટુર્નામેન્ટ ફિફાના ઈતિહાસનું સૌથી મોટું ફોર્મેટ બનવા જઈ રહી છે. ફૂટબોલ વર્લ્ડકપના ઈતિહાસમાં એવું પહેલી વાર બનશે કે જ્યારે કુલ 48 ટીમો ટાઈટલ માટે સ્પર્ધા કરશે. ટીમોની સંખ્યા વધવાને કારણે, સમગ્ર ટુર્નામેન્ટમાં રેકોર્ડ 104 મેચ રમાશે. આ સિવાય પણ કેટલીક મહત્વની વાતો છે જે તેને અનોખો બનાવી રહી છે.

**કુલ 1248 ખેલાડીઓ મેદાનમાં ઉતરશે**

ટુર્નામેન્ટના મોટા ફોર્મેટને કારણે, આ વર્ષે કુલ 1248 ખેલાડીઓ મેદાન પર જોવા મળશે, જે બધા 48 ભાગ લેનારા દેશોનું પ્રતિનિધિત્વ કરશે. વર્લ્ડકપના ઈતિહાસમાં ખેલાડીઓનું આ સૌથી મોટું જૂથ છે.

**ચાર નવા દેશો પહેલી વાર રમશે**

આ વર્લ્ડકપ કેટલાક દેશો માટે એક ઐતિહાસિક ઘટના હશે. કેપ વર્ડે, કુરાકાઓ, જોર્ડન અને ઉઝબેકિસ્તાનની ટીમો પ્રથમ વખત મુખ્ય ફિફા વર્લ્ડકપમાં ભાગ લઈને ઈતિહાસ રચશે.

**રોનાલ્ડો, મેસી અને ગિલેર્મો રમશે છઠ્ઠો વર્લ્ડકપ**

ચેસબોર્ડ પર ગોઠવાયેલા મહોરાની જેમ મેદાન પર રાજ કરતાં આર્જેન્ટિનાનો લિયોનેલ મેસી, પોર્ટુગલનો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને મેક્સિકોનો જાદુઈ ગોલકીપર ગિલેર્મો ઓચોઆ તેમની કારકિર્દીનો રેકોર્ડ છઠ્ઠો વર્લ્ડકપ રમશે.

**ક્રેગ ગાર્ડન સૌથી મોટી ઉંમરનો ખેલાડી**

સ્કોટલેન્ડનો ગોલકીપર ક્રેગ ગાર્ડન ટુર્નામેન્ટના સૌથી વધુ વય ધરાવતો ખેલાડી હશે, જેણે 43 વર્ષ અને 162 દિવસની ઉંમરે મેદાન પર ઉતરીને નવો રેકોર્ડ બનાવશે.

**ગિલ્બર્ટો મોરા સૌથી નાની વયનો ખેલાડી**

મેક્સિકોનો ગિલ્બર્ટો મોરા ટુર્નામેન્ટનો સૌથી યુવા ખેલાડી બનશે. માત્ર 17 વર્ષ અને 240 દિવસની ઉંમરે, તે વિશ્વના સૌથી મોટા ફૂટબોલ મંચ પર પોતાની પ્રતિભા દર્શાવશે.

**યુવા અને દિગ્ગજોનો અનોખો સંગમ**

આ ટુર્નામેન્ટમાં વિવિધ રસપ્રદ વય જૂથો હશે. સમગ્ર ટુર્નામેન્ટમાં 20 વર્ષથી ઓછી ઉંમરના કુલ 22 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, જ્યારે 40 વર્ષ અને તેથી વધુ ઉંમરના સાત શક્તિશાળી ખેલાડીઓ મેદાનમાં પોતાનો અનુભવ લાવશે.

**11 માજી વિશ્વ ચેમ્પિયનની હાજરી**

ટુર્નામેન્ટની શોભામાં વધારો કરવા માટે, અગાઉ ચેમ્પિયનનો દરજ્જો મેળવી ચૂકેલા કુલ 22 ખેલાડીઓ વિવિધ ટીમોનો ભાગ છે. આ ખેલાડીઓ અગાઉ વર્લ્ડકપ વિજેતા ટીમોના સભ્ય રહી ચૂક્યા છે.

**વિવિધ ટીમ મળી 357 અનુભવી ખેલાડી**

જાહેર કરાયેલી બધી ટીમોની ટીમમાં 357 ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમણે પોતાના દેશની ટીમનો ભાગ બનીને ઓછામાં ઓછા કેટલાક વર્લ્ડકપમાં રમવાનો અનુભવ મેળવી લીધો છે.

**891 ખેલાડી પહેલી વાર રમશે**

વર્લ્ડકપના કુલ 1248 ખેલાડીઓમાંથી, 891 ખેલાડીઓ મુખ્ય મેદાન પર ઉતરીને પહેલી વાર રમશે. આ યુવા જૂથ ટુર્નામેન્ટમાં નવો ઉત્સાહ લાવશે.

## વર્લ્ડ કપ વોર્મ-અપ : આઇવરી કોસ્ટે ફ્રાન્સને 2-1થી હરાવી ચોંકાવ્યું

નાંતેસ (ફ્રાન્સ) : ફિફા વર્લ્ડકપ વોર્મ-અપ મેચમાં ગુએલા ડુએએ એક ગોલ કરવાની સાથે વિનિંગ ગોલ કરવામાં કરેલી મદદ કરીથી કોસ્ટે ફ્રાન્સને 2-1થી હરાવીને મોટો અપસેટ કર્યો છે. રસપ્રદ વાત એ છે કે, ગુએલાનો ભાઈ ડેઝિરે ડુએ આ મેચમાં ફ્રાન્સની ટીમની બેન્ચ પર બેઠો હતો. નાંતેસના સ્ટેડ ડી લા બ્યુજોઇર ખાતે ગુરુવારે રમાયેલી મેચમાં, સમય પૂરો થવાની 6 મિનિટ પહેલાં ગુએલા ડુએના લો-ક્રોસ પાસ પર અમાદ ડાયલોએ ગોલ કરીને આઇવરી કોસ્ટને જીત અપાવી હતી. આ પહેલાં, મેચના પ્રથમ હાફની છેલ્લી મિનિટે રાયન ચેરકીએ બે ડિફેન્ડર્સને હંફાવીને ગોલકીપર યાહિયા ફોફાનાને મ્હાત આપી ફ્રાન્સને 1-0ની લીડ અપાવી હતી. આઇવરી કોસ્ટના ગોલકીપર ફોફાનાએ શાનદાર પ્રદર્શન કરીને કિલિયન એમબાપ્પે, માઈકલ ઓલિસે અને રાયન ચેરકીના ઘણા ગોલ કરતા રોક્યા હતા. અમેરિકા રવાના થતાં પહેલાં ફ્રાન્સ સોમવારે ઉત્તરી આયર્લેન્ડ સામે વધુ એક વોર્મ-અપ મેચ રમશે.

## વર્લ્ડકપ વોર્મ અપ મેચમાં મેક્સિકોએ સર્બિયાને 5-1થી હરાવ્યું

ટોલુકા, તા. 05 : મેક્સિકન રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે ગુરુવારે અહી રમાયેલી વોર્મઅપ મેચમાં શરૂઆતમાં પાછળ રહ્યા બાદ જોરદાર વાપસી કરીને સર્બિયાને 5-1થી હરાવ્યું હતું. આ સાથે જ ટીમે વર્લ્ડકપની તેની પ્રથમ મેચ માટેની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. મેચની 19મી મિનિટે પેટાર સ્ટેનિકે ગોલ કરીને સર્બિયાને સરસાઈ અપાવી હતી, પરંતુ 34મી મિનિટે જોહાન વાઝક્વેઝે ગોલ કરીને સ્કોર સરભર કર્યો હતો. ત્યારબાદ 45મી મિનિટે સ્ટેફન બુકિનાકે કરેલા આત્મઘાતિ ગોલના કારણે મેક્સિકો આગળ થઈ ગયું અને 57મી મિનિટે રાઉલ જીમેનેઝે વધુ એક ગોલ ઉમેર્યો. 72મી મિનિટે એડેમ એડવિકે પણ આત્મઘાતિ ગોલ કર્યો અને 90મી મિનિટે લુઈસ ચાવેઝે ગોલ કરીને ટીમની 5-1ની જીત નક્કી કરી દીધી. મેક્સિકો 11 જૂને એઝટેકા સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામે રમીને પોતાના વર્લ્ડકપ અભિયાનની શરૂઆત કરશે.

## ઈરાકે સ્પેનને બરાબરી પર રોક્યું

લા કોરુના, તા. 04 : વર્લ્ડ કપની પ્રબળ દાવેદાર ગણાતી ટીમ સ્પેનને અહીં રમાયેલી હોમ મેચમાં ઈરાકે 1-1ની બરાબરી પર રોકી દીધું હતું. સ્ટાર ફોરવર્ડ ખેલાડીઓ લેમિન યામલ અને નિકો વિલિયમ્સ વિના મેદાનમાં ઉતરેલી સ્પેને મેચની 16મી મિનિટે ફેરાન ટોરેસના ગોલની મદદથી 1-0 ની લીડ મેળવી લીધી હતી. પરંતુ, અડધા કલાકનો સમય પૂરો થાય તે પહેલાં જ ઈરાકના મેરચાસ દોસ્કીએ બોક્સની બહારથી ડાબા પગે શાનદાર શોટ મારીને સ્કોર 1-1ની બરાબરી પર લાવી દીધો હતો.

## ન્યૂઝીલેન્ડ 113 રનમાં ઓલઆઉટ, ઇંગ્લેન્ડની સરસાઇ 211 રન

લંડન, તા. 05 : પ્રથમ ટેસ્ટના આજે શુક્રવારે બીજા દિવસે ઓપનર બેન ડકેટ અને એમિલિયો ગે વચ્ચે ઉપયોગી ભાગીદારીને કારણે, ઇંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ પર પોતાની સરસાઇ વધારીને 211 રન કરી દીધી હતી. પ્રથમ ઇનિંગમાં ફક્ત 140 રન બનાવવા છતાં ઇંગ્લેન્ડ 27 રનની સરસાઇ મેળવવામાં સફળ રહ્યું. બીજી ઇનિંગમાં, આ લખાય છે ત્યારે ઇંગ્લેન્ડે 46 ઓવરમાં 6 વિકેટે 184 રન બનાવી લઇને પોતાની સરસાઇ 211 રન પર પહોંચાડી દીધી છે. ન્યૂઝીલેન્ડે દિવસની શરૂઆત છ વિકેટે 61 રનથી કરી હતી અને પ્રથમ કલાકમાં જ તેઓ 113 રનમાં ઓલઆઉટ થઈ ગયા હતા. ગુરુવારે ન્યૂઝીલેન્ડે માત્ર 29 રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. ટીમના છેલ્લા ચાર બેટ્સમેનોએ 84 રન ઉમેર્યા હતા.

## યોગાસન ચેમ્પિયનશિપના પ્રથમ દિવસે ભારતે પાંચ ગોલ્ડ જીત્યા

અમદાવાદ, તા. 05 : યજમાન ભારતે આજે શુક્રવારે પ્રથમ વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપના શરૂઆતના દિવસે શાનદાર પ્રદર્શન કરીને પ્રથમ છમાંથી પાંચ ગોલ્ડ મેડલ જીત્યા હતા. પશ્ચિમ બંગાળના અભય બર્મન અને રિતુ મંડલે પરંપરાગત યોગ આસન શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીત્યા. બર્મને 63.42 નો સ્કોર કરીને ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવ્યો. ઇન્ડોનેશિયાનો અરકન રિયાન્ટો બીજા અને ઉઝબેકિસ્તાનનો એલેન ત્રીજા સ્થાને રહ્યો. સિનિયર મહિલા વર્ગમાં, રીતુએ 64.33 ના સ્કોર સાથે ભારત માટે બીજો ગોલ્ડ મેડલ જીત્યો. આ ઉપરાંત સિનિયર A મહિલા વર્ગમાં, ભારતની રીતુ ઠાકુરે, સિનિયર પુરુષોની બી કેટેગરીમાં, ભારતના રોશન થાપાએ અને જ્યોતિ દેઉરકરે 'ટ્વિસ્ટિંગ બોડી' વ્યક્તિગત સિનિયર બી મહિલા શ્રેણીમાં ગોલ્ડ મેડલ જીત્યો.

# આજથી અફઘાનિસ્તાન સામે એકમાત્ર ટેસ્ટ : ભારત 'ખૂટતી કડીઓ'ની શોધમાં

**ભારતીય** ટીમ આ ટેસ્ટમાં અલગઅલગ ખેલાડીઓની અજમાયશ કરવાના મૂડમાં રહેશે

**સવારે** 9.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



મુલ્લાનપુર, તા. 05 (PTI) : તાજેતરમાં જ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝમાં ખરાબ પ્રદર્શનનો સામનો કરવા છતાં પણ એક મજબૂત ટીમ ગણાતી ભારતીય ક્રિકેટ ટીમ આવતીકાલે શનિવારથી શરૂ થઈ રહેલી એકમાત્ર ટેસ્ટ મેચમાં જોરદાર લડત આપવા માટે જાણીતી અફઘાનિસ્તાન સામે મેદાને ઉતરશે ત્યારે આ મેચ યજમાન ભારતને પોતાની ટીમનું યોગ્ય સંતુલન અને નવું સંયોજન શોધવામાં મદદ કરી શકે છે.

2018માં ભારત સામેની ટેસ્ટ મેચમાં બીજા દિવસે લંચ અને ટી-ટાઈમ વચ્ચે અફઘાનિસ્તાને એક જ સેશનમાં પોતાની 10 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારપછીની બાકીની 10 વિકેટો પણ ટી-ટાઈમ અને દિવસની રમત પૂરી થાય તે વચ્ચે પડી ગઈ હતી, જેની સાથે જ મેચ પણ પૂરી થઈ ગઈ હતી.

પરંતુ 2026માં, અફઘાનિસ્તાનના કેપ્ટન હશમતુલ્લાહ શાહિદી ઈચ્છશે કે તેમની ટીમ ભારતીય ટીમને જોરદાર ટક્કર આપે. ભારતીય ટીમ હાલમાં પરિવર્તનના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે અને આ મેચ દરમિયાન અલગ-અલગ ખેલાડીઓ અજમાવીને પ્રયોગો કરવાના મૂડમાં હશે. જોકે, ભારતીય ટીમ ગયા વર્ષે દક્ષિણ આફ્રિકા સામે મળેલી 0-2ની હારને ભૂલી નહીં હોય. તેથી, ભલે અનુભવની બાબતમાં મોટો તફાવત હોય, પણ ભારતે વિરોધી ટીમને હળવાશથી લેવાની ભૂલ કરવી જોઈએ નહીં.

### સાઈ સુદર્શનને લાંબી તક મળશે

વર્ષના ઓગસ્ટ મહિનામાં શ્રીલંકા સામે રમાનારી મહત્વની બે ટેસ્ટ મેચોની સિરીઝ પહેલાં ત્રીજા ક્રમના બેટ્સમેનની સમસ્યાનો ઉકેલ હેડ કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શુભમન ગિલે શોધવાનો છે. નંબર-3 માટે સાઈ સુદર્શન અને સ્ટાઇલિશ બેટ્સમેન દેવદત્ત પડિક્કલ વચ્ચે પસંદગી કરવાની હતી. ગંભીરે શુક્રવારે સ્પષ્ટ કરી દીધું હતું કે તેઓ સુદર્શનને લાંબી તક આપશે, કારણ કે તે પૂરી તક મેળવવાને લાયક છે.

### જાડેજાના ઉત્તરાધિકારીની શોધ

આ સિવાય બીજી એક સમસ્યા રવિન્દ્ર જાડેજાના સંભવિત ઉત્તરાધિકારીની શોધની છે. રવિન્દ્ર જાડેજાને આ મેચમાં આરામ આપવામાં આવ્યો છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ભારતીય પસંદગીકારો અને ટીમ મેનેજમેન્ટ આ ઓલરાઉન્ડર પછીના ભવિષ્ય માટે અત્યારથી જ વિકલ્પો તૈયાર કરવા માગે છે. ભારતીય ક્રિકેટે બે સંભવિત ઉત્તરાધિકારીઓ માનવ સુથાર અને હર્ષ દુબેને નક્કી કરી લીધા હોય તેવું લાગે છે.

### ટેસ્ટ મેચ માટે 'પરીક્ષા' લેતું હવામાન

જૂન મહિનામાં ઉત્તર ભારતની કાળઝાળ ગરમીને જોતાં, આ મેચનો સમય બંને ટીમો માટે ખૂબ જ મુશ્કેલ છે. આ મેચ બે મહિનાના આઈપીએલ અને યુનાઇટેડ કિંગડમના એક મહિનાના વ્હાઇટ-બોલ પ્રવાસની વચ્ચે ગોઠવવામાં આવી છે. નેટ પ્રેક્ટિસ દરમિયાન સ્થિતિ એવી હતી કે, મુખ્ય મેદાન પર ફિલ્ડિંગની પ્રેક્ટિસ પૂરી કર્યા પછી ભારતીય ખેલાડીઓ એક-એક કરીને એસયુવી કારમાં બેસીને અડધો કિલોમીટર દૂર આવેલા બીજા મેદાન પર નેટ પ્રેક્ટિસ માટે જતા હતા. જો કડક તડકો ન હોત તો આ અંતર ચાલીને પણ કાપી શકાય તેવું હતું.

# રોમ ડાયમંડ લીગમાં શ્રીલંકાના ભાલા ફેંક સ્ટાર રૂમેશનો 92.62 મીટરનો થ્રો

**રૂમેશ** 90 મીટરનો આંકડો પાર કરનાર ચોથો એશિયન અને એકંદરે 28મો એથ્લેટ બન્યો

**અરશદ** નદીમના પેરિસ ઓલિમ્પિક્સના 92.97 મીટરના થ્રો કરતા તેનો થ્રો થોડો ઓછો રહ્યો



રોમ, તા. 05 (પીટીઆઈ) : શ્રીલંકાના ભાલા ફેંક સ્ટાર રૂમેશ પાથિરાજે રોમ ડાયમંડ લીગમાં 92.62 મીટરના થ્રો સાથે માજી ઓલિમ્પિક્સ ચેમ્પિયન નીરજ ચોપરા અને પાકિસ્તાનના અરશદ નદીમ માટે ખતરાની ઘંટી વગાડી દીધી છે.

પાથિરાજે એશિયન ભાલા ફેંકના ઈતિહાસમાં બીજા ક્રમના સૌથી ઊંચા થ્રો સાથે ટાઈટલ જીત્યું. તેણે બે વખતના વિશ્વ ચેમ્પિયન ગ્રેનાડાના એન્ડરસન પીટર્સ (83.91 મીટર), ટોક્યો વર્લ્ડ ચેમ્પિયનશિપ 2025ના સુવર્ણ ચંદ્રક વિજેતા ત્રિનિદાદ અને ટોબેગોના કેશોર્ન વોલકોટ (83.45 મીટર) અને યુનાઈટેડ સ્ટેટ્સના કાંસ્ય ચંદ્રક વિજેતા કુર્ટિસ થોમ્પસન (83.89 મીટર)ને હરાવ્યા. ભારતનો સચિન યાદવ 79.18 મીટરના થ્રો સાથે આઠમા સ્થાને રહ્યો.

પાથિરાજ 90 મીટરનો આંકડો પાર કરનાર ચોથો એશિયન ખેલાડી અને એકંદરે 28મો ખેલાડી બન્યો. તેનો થ્રો પેરિસ ઓલિમ્પિકમાં પાકિસ્તાની અરશદ નદીમના સુવર્ણ ચંદ્રક વિજેતા 92.97 મીટરથી થોડો ઓછો રહ્યો, પરંતુ તે એશિયામાં ચાઈનીઝ તાઈપેઈના ચાઓ-સુન ચેંગ (91.36 મીટર) અને ચોપરા (90.23 મીટર) પછીનો બીજો શ્રેષ્ઠ થ્રો હતો. તેનો થ્રો વિશ્વ યાદીમાં આઠમો સૌથી લાંબો થ્રો હતો. 2024 ઓલિમ્પિક્સ ફાઈનલમાં નદીમની જીત સુધી તે વિશ્વનો શ્રેષ્ઠ થ્રો પણ હતો.

### એક સમયે ક્રિકેટર બનવા માગતો રૂમેશ પાથિરાજ 18 વર્ષે ઝડપી બોલિંગ કરતો હતો

મોટાભાગના યુવા શ્રીલંકાના ખેલાડીઓની જેમ, પાથિરાજે પણ ક્રિકેટર બનવાની ઇચ્છા રાખી હતી. તે 18 વર્ષની ઉંમરે 134 કિમી/કલાકની ઝડપે બોલિંગ કરી શકતો હતો. બાદમાં તેણે 2017 માં તેના પિતાના માર્ગદર્શન હેઠળ ભાલા ફેંકવાનું શરૂ કર્યું. પથિરાજ 2024થી ભારતની મુલાકાતે આવી રહ્યા છે. તેમણે સૌપ્રથમ 2024 માં હરિયાણાના પંચકુલામાં રાષ્ટ્રીય આંતર-રાજ્ય ચેમ્પિયનશિપમાં ભારતમાં ભાગ લીધો હતો, જ્યાં એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઇન્ડિયાએ શ્રીલંકાની ટીમને આમંત્રણ આપ્યું હતું. તેણે છેલ્લે ઓક્ટોબર 2025 માં રાંચીમાં દક્ષિણ એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો, જેમાં 84.29 મીટરના થ્રો સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

## સુડોકુ ૨૪૫૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| ૬ | ૫ | ૧ | | ૮ | ૯ | ૨ | | ૩ |
| ૯ | ૨ | ૮ | | ૧ | ૪ | | ૬ | |
| | ૬ | | ૨ | ૯ | | ૫ | ૭ | |
| | ૮ | | ૬ | ૪ | ૭ | | ૯ | ૧ |
| | ૧ | ૯ | | | ૩ | ૪ | | ૬ |
| ૮ | | ૭ | | ૬ | | | | ૪ |
| ૫ | | | ૯ | | ૮ | ૬ | | |
| ૧ | | ૬ | ૪ | | | ૮ | ૩ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગંડમાલા

કપાસના મૂળિયાં, ટુકડા કરી, સૂકવી ભરી રાખો. એનું બારીક કરેલું ચૂર્ણ દશ ગ્રામ, ચોખાના 50g લોટ સાથે ભેળવી ભાખરી કરી રોજ ખાવી, ગાંઠો બેસી જાય ત્યાં સુધી પ્રયોગ ચાલુ રાખો.

## આજનું પંચાંગ

**તા.06/06/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** વદ: છઠ: 26:42
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 16
**યોગ :** ઐન્દ્ર **કરણ:** ગર
**નક્ષત્ર :** શ્રવણ: 06:04 પછી ધનિષ્ઠા
**રાશિ:** મકર (ખ,જ) 19:05 પછી કુંભ (ગ,સ,શ,ષ)
**દિવસ :** મિશ્ર
**સુરતમાં સૂર્યોદય :** 05:57 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:16
**નવકારસી :** 06:45
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 26મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે : 09:30 થી 11:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** કાર્ય પધ્ધતિમાં સુધારો થાય. કામકાજ તથા ઘરના કામ માટે નવી યોજના બને. સામાજિક કામથી યશ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં પ્રભાવ વધશે. સ્નેહી-વડીલોની મદદથી અટકેલા કામ પાર પડશે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** કામકાજ સામાન્ય રીતે ચાલતું રહેશે. પણ જૂનાં દર્દો ઊભરી આવે. દોડધામ વધે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** જીવન સાથીનો સાથ મળે. વેપાર-ધંધામાં લાભ વધશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. નોકરી મળી શકે.

**સિંહ (મ,ટ,):** આળસના કારણે કામનો બોજ વધે. સરકારી કામમાં વિઘ્નો આવે. નોકર-ચાકરથી સાવધાન રહેવું.

**કન્યા (પ,ઠ,ણ,):** વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે. કામકાજમાં અનુકૂળતા વધે. મિત્રોની મદદ ધન પ્રાપ્તિમાં મળે.

**તુલા (ર,ત,):** બહારના કામનો બોજ વધે. વડીલો સાથે ઘર્ષણ થાય. નોકરીમાં જવાબદારી વધે. આવક વધશે.

**વૃશ્ચિક (ન,ય,):** ધન પ્રાપ્તિની તક મળે. સામાજિક કામમાં યશ મળે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. અચાનક સફળતા મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** શુભ સમાચાર મળે. નવા રોકાણ થાય. નોકરીમાં આત્મવિશ્વાસજનક સહકાર મળે. અવરજવર વધશે.

**મકર (ખ,જ,):** અચાનક ધનલાભ થાય. નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. સમાજમાં માન મળે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘરમાં વડીલોના આરોગ્યની સમસ્યા ખર્ચા સતાવે. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ખર્ચા વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઉઘરાણી આવે. મિત્રોનો સાથ મળે. મનોરંજન થાય. સંતાન-જીવનસાથીની ચિંતા સતાવે.

### કોઈ પણ સાલમાં 06 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા- વ્યવસાયમાં આધુનિક ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાનું અને નવું શીખવાનું મળે. અડચણો અને જવાબદારીથી દોડધામ વધે. આરોગ્ય સામાન્ય રહે. નવા કામમાં હરીફો સતાવે. સમાજમાં યશ મળે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. નવી શિક્ષણ નીતિની અસર જોવા મળે. મન પર ભાર રહે. વિદેશના કામમાં મદદ મળે. સરકારી કામ કોર્ટ કચેરીમાં ચડતી-પડતીની સાથે પ્રગતિ અને મદદ યશ મળે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. મિત્રો, વડીલોની મદદ સામાજીક, કાયદાકીય, જમીન, વારસા, જાયદાદમાં મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર, શુક્ર- શનિવાર, 06, 15 તારીખે નવા કામ કરવા. સફેદ રંગ વાપરતા રહેવુ. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર 01,10, 19,28 તારીખે નવા કામ ટાળવાં. ભૂરો અને ગ્રે રંગ ઓછો વાપરવો.

## અનુસંધાન... પાના પહેલાનું

### મણિપુરમાં ફરી...

અને અન્ય સુરક્ષા એજન્સીઓને ગુનેગારોને વહેલી તકે પકડી પાડવા અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો છે. ડેપ્યુટી સીએમ નેમચા કિપગેને પણ લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે અને કહ્યું છે કે નિર્દોષોની હત્યા કરનારાઓ સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યમાં કુકી આદિવાસીઓની સર્વોચ્ચ સંસ્થા 'કુકી ઇન્પી મણિપુર'એ પણ આ હુમલાની નિંદા કરીને આ મામલે તાત્કાલિક તપાસની માગ કરી છે.

### છેલ્લા ક્વાર્ટરમાં...

લેવાયેલા નીતિગત પગલાં અર્થતંત્રને નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮માં ૭ ટકાથી વધુના ગ્રોથ ટ્રેક પર પાછા લાવવામાં મદદ કરી શકે છે, શરત માત્ર એટલી કે બાહ્ય પરિસ્થિતિઓ અનુકૂળ બને. MoSPI (મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન) દ્વારા જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે, ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) - જે અંતર્ગત આર્થિક પ્રવૃત્તિનું વધુ સચોટ ચિત્ર રજૂ કરવા માટે પરોક્ષ કર અને સરકારી સબસિડી જેવા અસ્થિર ઘટકોને બાદ કરે છે - તે જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટર દરમિયાન ૭.૯ ટકા વધ્યો છે.

### સંસદનું સત્ર ચાલુ...

નાણાકીય સંસ્થા તરીકે વ્યાખ્યાયિત કરે છે. તે ભારતીય કાયદા હેઠળ FIIs (ફોરેન ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ) અને સરકારી જામીનગીરીઓની હાલની વૈધાનિક વ્યાખ્યાઓનો પણ સંદર્ભ આપે છે. ગેઝેટ નોટિફિકેશનમાં જણાવાયું છે કે સંસદનું સત્ર ચાલુ ન હોવાથી અને તાત્કાલિક પગલાં લેવાની જરૂર હોવાથી આ વટહુકમ જરૂરી હતો, જેના માટે બંધારણની કલમ ૧૨૩ હેઠળ રાષ્ટ્રપતિની વટહુકમ બહાર પાડવાની સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### 'ઈકોનોમી' અને 'ઈકોલોજી'...

દેશની કુલ રિન્યુએબલ એનર્જી કેપેસિટીમાં ગુજરાતનો હિસ્સો ૨૦ ટકા જેટલો છે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું. મોદીએ આજે બપોરે સુરત એરપોર્ટ પર આવી ત્યાંથી સીધા હજીરા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો (L&T) પ્લાન્ટની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ તૈયાર થઇ રહેલા અત્યાધુનિક સંરક્ષણ અને ગ્રીન એનર્જી પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. બાદમાં મોદી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે સુરત, નવસારી, ભરૂચ, વલસાડ, તાપી, ડાંગ અને નર્મદા સહિતના 7 જિલ્લાઓ માટે અંદાજીત રૂ.18,778 કરોડના વિવિધ 8 વિભાગોના 24 વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. આ મેગા પ્રોજેક્ટ્સમાં રૂ.13,926 કરોડના મહત્વકાંક્ષી કાર્યોનું લોકાર્પણ અને રૂ.4,852 કરોડના વિવિધ 5 પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું હતું. આજે વિશ્વ પર્યાવરણના દિવસના અવસરે સુરતમાં ઈન્ડોર સ્ટેડિયમમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના દક્ષિણ ગુજરાત માટેના રૂપિયા રૂ.૧૮,૭૭૮ કરોડના 24 વિકાસ પ્રકલ્પોની ભેટ આપતાં વડાપ્રધાને કહ્યું હતું કે, આ પ્રોજેક્ટ્સથી માત્ર ઔદ્યોગિક ઉત્પાદન ક્ષમતામાં જ વધારો નહીં થાય, પરંતુ પર્યાવરણીય સંરક્ષણ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટના લક્ષ્યોને પણ હાંસલ કરવામાં મદદ મળશે.

### વિદેશી રોકાણ...

રહ્યા છીએ. આ ઉપરાંત, જનરલ રૂટ હેઠળ FPI રોકાણ પરના ટૂંકા ગાળાના રોકાણ, કોન્સન્ટ્રેશન અને વ્યક્તિગત જામીનગીરીઓ સંબંધિત મર્યાદાઓ હટાવવામાં આવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પગલાં અને સરકાર દ્વારા આપવામાં આવેલા કર લાભો સરકારી ઉધાર માટે વિદેશી મૂડી આકર્ષવામાં મદદ કરશે. સરકારે શુક્રવારે બહાર પાડેલા એક વટહુકમ દ્વારા વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) દ્વારા સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવેલા રોકાણ પરનો લોંગ-ટર્મ કેપિટલ ગેઈન્સ ટેક્સ નાબૂદ કર્યો છે. સરકારના આ પગલા અંગે ટિપ્પણી કરતા મલ્હોત્રાએ કહ્યું કે આ એક સકારાત્મક પગલું છે અને તેનાથી બેલેન્સ ઓફ પેમેન્ટ (ચુકવણીની સમતુલા) વધુ મજબૂત થશે. આ ઉપરાંત, આરબીઆઈએ બિન-નિવાસી ભારતીયો(NRIs) અને ઓવરસીઝ સિટિઝન્સ ઓફ ઈન્ડિયા (OCIs) માટે સિક્યોરિટીઝ રેગ્યુલેટર (સેબી) પાસે નોંધણી કરાવ્યા વિના લિસ્ટેડ ઈક્વિટી ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં રોકાણની મર્યાદા પણ વધારી દીધી છે. ભારતીય ઈક્વિટી બજારોમાં પ્રવેશનો વ્યાપ વધારતા, આ સુવિધા હવે ભારતીય સરહદ બહાર રહેતા તમામ વ્યક્તિગત રહીશો (PROIs) સુધી લંબાવવામાં આવી છે. આરબીઆઈએ જનરલ રૂટ દ્વારા રોકાણ કરતા ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPIs) માટે ટૂંકા ગાળાના રોકાણો, એકાગ્રતા મર્યાદા અને વ્યક્તિગત સિક્યોરિટી મર્યાદાઓ પરના પ્રતિબંધો પણ હટાવી દીધા છે.

### રૂપિયાને ટેકો...

જરૂરિયાતોને આધીન, આ મુક્તિ વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) અને બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સ (BIS) ને લાગુ પડશે. વિદેશી રોકાણકારો માટે ૧૨ મહિનાથી વધુ સમય માટે રાખવામાં આવેલા લિસ્ટેડ શેર્સ અને બોન્ડ્સ પર ૧૨.૫ ટકાનો લાંબા ગાળાનો કેપિટલ ગેઈન્સ ટેક્સ (LTCG) લાગે છે. તેઓ સરકારી બોન્ડ્સ પર કમાયેલા વ્યાજ પર ૨૦ ટકાનો વિથહોલ્ડિંગ ટેક્સ પણ ચૂકવે છે. દરમિયાન, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શુક્રવારે વિદેશી મૂડીને આકર્ષવા અને બાહ્ય ધિરાણ બફર્સને મજબૂત કરવાના હેતુથી શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરી હતી, કારણ કે વૈશ્વિક અનિશ્ચિતતા અને ઊંચી ઊર્જા કિંમતો ઉભરતા બજારો પર દબાણ લાવી રહી છે. મધ્યસ્થ બેંકે 'ફુલ્લી એક્સેસિબલ રૂટ' (FAR) હેઠળ પાત્ર સરકારી જામીનગીરીઓના દાયરાને વિસ્તૃત કર્યો છે, જેમાં ૧૫-વર્ષ, ૩૦-વર્ષ અને ૪૦-વર્ષના સાર્વભૌમ બોન્ડ્સના તમામ નવા ઈશ્યુઅન્સનો સમાવેશ થાય છે. RBIએ જનરલ રૂટ દ્વારા રોકાણ કરતા ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ(FPIs) માટે ટૂંકા ગાળાના રોકાણો પરના નિયંત્રણો, કોન્સન્ટ્રેશન લિમિટ્સ અને વ્યક્તિગત સિક્યોરિટી મર્યાદાઓ પણ હટાવી દીધી છે. સરકારી જામીનગીરીઓમાં રોકાણ પર જાહેર કરાયેલી કર મુક્તિઓ સાથે જોડાયેલા આરબીઆઈના આ પગલાંથી ભારતના સોવરિન ડેટ માર્કેટ (સાર્વભૌમ દેવા બજાર)માં વિદેશી ભાગીદારીને ટેકો મળવાની અને સરકારને પરવડે તેવા વ્યાજ દરો પર ઉધાર લેવાની સુવિધા મળવાની અપેક્ષા છે. આ પગલું રૂપિયાને પણ ટેકો આપે છે, જે ક્રૂડ ઓઈલના વધતા ભાવો અને ઈક્વિટીમાંથી ફોરેન પોર્ટફોલિયોના આઉટફ્લો (બહાર ખેંચાતી મૂડી) વચ્ચે આ વર્ષે ૬ ટકાથી વધુ નબળો પડ્યો છે.

### રિઝર્વ બેંક ઓફ...

મોનેટરી પોલિસી કમિટી (MPC) એ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને 5.25 ટકા પર યથાવત રાખવા અને તેનું વલણ ન્યૂટ્રલ રાખવા માટે મત આપ્યો હતો. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે, અગાઉની કટોકટીઓની સરખામણીએ ભારત વધુ મજબૂત મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સ સાથે વૈશ્વિક અસ્થિરતાના આ તાજેતરના તબક્કામાં પ્રવેશ્યું છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે વધતા જતા ભૂરાજકીય તણાવ, કોમોડિટીના ઊંચા ભાવો અને સપ્લાયમાં અવરોધો આર્થિક અંદાજોને ધૂંધળા બનાવી રહ્યા છે. નીતિ વિષયક નિર્ણયોની જાહેરાત કરતા તેમણે જણાવ્યું હતું કે, સમિતિએ નોંધ્યું છે કે વૈશ્વિક વાતાવરણ વણસ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે પેનલને લાગ્યું કે વધુ સ્પષ્ટતા આવે ત્યાં સુધી રાહ જોવી એ શાણપણભર્યું ગણાશે. મધ્યસ્થ બેંકે જણાવ્યું હતું કે આંતરિક ફુગાવાનું દબાણ હાલ કાબૂમાં છે, પરંતુ સાવચેત કર્યા કે વધતા ખર્ચની અસર વેતન અને ફુગાવાની અપેક્ષાઓ પર પડી શકે છે. આ ઉપરાંત સામાન્ય કરતાં ઓછા ચોમાસાની આગાહી અને સંભવિત 'અલ નીનો'ની સ્થિતિના જોખમોનો પણ ઉલ્લેખ કરાયો હતો, જે આગામી મહિનાઓમાં ખાદ્ય ચીજોના ભાવો પર દબાણ લાવી શકે છે.

### ગગડી રહેલા...

મેળવવાની પ્રક્રિયાને સરળ બનાવે તેવી અપેક્ષા છે. આ પગલું રૂપિયાને પણ મજબૂતી આપશે, જે ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને ઇક્વિટીમાંથી વિદેશી પોર્ટફોલિયોના આઉટફ્લો વચ્ચે આ વર્ષે ૬ ટકા કરતાં વધુ નબળો પડ્યો છે.